નવગુજરાત સમય, પાના નં.૧૨, તા.૦૮.૦૬.૨૦૨૫

અમદાવાદ અને ગાંધીનગરમાં મેટ્રો સ્ટેશનના કેબલ ચોરનારી ગેંગના 4 પકડાયા, 11 બાકી

# 'ખેકડા ગેંગ'ના ઠેકડાઓએ દેશભરમાં મેટ્રો લાઈનના કેબલ કાપી તરખાટ મચાવ્યો

**ભાડાની કાર લઈ ચોરી માટે જતા અને ભાડાના ઘરમાં મુદ્દામાલ સંતાડતા**

**CCTV ફૂટેજમાં બે કારની શંકાસ્પદ હિલચાલ જણાતા ગાંધીનગર LCBની ટીમ કલોલમાં ભાડે રાખેલા મકાન સુધી પહોંચી**

નવગુજરાત સમય > ગાંધીનગર

ગાંધીનગર અને અમદાવાદ સહિત દેશના અનેક મેટ્રો સ્ટેશનના કેબલ ચોરનારી ગેંગના 4 સભ્યોને ઝડપી પોલીસે 35 ગુનોનો ભેદ ઉકેલ્યો છે. આંતરરાજ્ય કારનામા આચરતી 'ખેકડા ગેંગ'ના આ સભ્યો 'ઠેકડા' મારવામાં ઉસ્તાદ છે. આ ગેંગના સભ્યો મેટ્રોની સમગ્ર લાઈનની રેકી કરતા હતા અને જે પિલ્લરની નજીકમાં ઝાડ અથવા દીવાલ હોય તેના પર ચડીને મેટ્રો લાઈન સુધી પહોંચતા અને કેબલ કાપી નાખતા હતા. કેબલમાંથી કોપર વાયર કાઢી રોકડી કરી લેતા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, 'ખેકડા ગેંગ'માં 15 સભ્ય છે અને તેમાંથી હજુ ચાર ઝડપાયા છે.

ગાંધીનગરમાં કોબા નજીક અને અમદાવાદમાં શાહપુર ખાતે મેટ્રો લાઈનના કેબલ ચોરનારી ગેંગને શોધવા માટે રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટીએ અલગ-અલગ ટીમો બનાવી હતી. ગાંધીનગર એલસીબીના પીઆઈ ડી.બી.વાળા તથા પીઆઈ એચ.પી.પરમારની ટીમે તપાસની શરૂઆતમાં સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યુ હતું. બીજી જૂનના રોજ આઈપીએલ મેચ દરમિયાન રાત્રે 2 થી 3ની વચ્ચેના સમયગાળા દરમિયાન કોબા સર્કલ પાસેના મેટ્રો સ્ટેશનથી 700 મીટર કેબલની ચોરી થઈ હતી. રૂ.17.85 લાખની કિંમતના કેબલની ચોરીના મૂળ સુધી પહોંચવા પોલીસે ગાંધીનગરના સી.સી.ટી.વી. ચકાસ્યા હતા. તપાસમાં બે શંકાસ્પદ કાર જોવા મળી હતી. પોલીસે બંને કારના માલિકની પૂછપરછ કરતા આરોપીઓનું પગેરું મળ્યુ હતું.

બાતમીદારોની મદદથી પોલીસે ચાર આરોપીને કલોલ ખાતે એક મકાનમાંથી ઝડપી લીધા હતા. કલોલમાં ભાડેથી રાખેલા મકાનમાં જ આરોપીઓએ મેટ્રો કેબલની ચોરીનો મુદ્દામાલ રાખ્યો હતો. કેબલના વાયરને કાપ્યા પછી આરોપીઓ તેને છોલી કોપર વાયરના ટૂકડા કરી વેચી દેતા હતા. પોલીસે 368.790 કિ.ગ્રા. કુલ કોપર સહિત રૂ.8.32 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.



## કોપર વાયર અલગ કરી ટ્રેન મારફતે દિલ્હી મોકલતા

ગેંગના આરોપીઓ રોકાણ માટે રેલવે સ્ટેશન નજીકની હોટલો પસંદ કરતા હતા. સેલ્ફ ડ્રાઈવિંગની મોટી ફોર વ્હિલર ભાડે કરતા હતા. મુદ્દામાલ છુપાવવા ઘર ભાડે રાખી લેતા હતા. ભાડાના મકાનમાં કેબલ પરથી પ્લાસ્ટિક અથવા રબરના પડને દૂર કરી કોપર વાયર અલગ કરાતા. તેનુ પેકિંગ કરી ટ્રેન મારફતે અમદાવાદ કાલુપુર સ્ટેશનથી દિલ્હી ખાતે મોકલી અપાતા હતા. દિલ્હીમાં ગેંગનો એક માણસ આ સામાન રીસિવ કરી માર્કેટમાં વેચી દેતો હતો.

## ગત વર્ષે ગ્યાસપુર મેટ્રો સ્ટેશનના કેબલ ચોર્યા હતા

ગેંગના 13 ચોર ભેગા મળી મેટ્રોના કેબલને નિશાન બનાવતી હતી. અગાઉ 22 મેના રોજ શાહપુર મેટ્રો સ્ટેશન અને ઓક્ટોબર 2024માં ગ્યાસપુર મેટ્રો સ્ટેશન ખાતે કેબલની ચોરી કરી હતી.

## ઘાતક ગેંગે દિલ્હીમાં 90થી વધુ વખત કેબલ ચોરી કર્યાની આશંકા

દિલ્હીમાં 14 જગ્યાએ, પૂણેમાં 12 તથા પનવેલ નવી મુંબઇ ખાતે 6 અલગ અલગ જગ્યાએ મેટ્રો કેબલની ચોરી કરી હોવાનું આરોપીઓએ કબૂલ્યું છે. આ સિવાય ભોપાલ તેમજ ઇન્દોરમાં પણ ગુના આચરેલા છે. માત્ર દિલ્હીમાં જ આ ગેંગે 90થી વધુ વખત ચોરી કરી છે.

## પોતાના ગામ ખેકડાના નામથી જ ગેંગ બનાવી તરખાટ મચાવ્યો

ચારેય ચોર ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના ખેકડા ગામમાં રહે છે. મુશરફ ઈરશાદ મુલેજાટ (ઉ.વ-૩૨), રાશીદ ઈશાક ઈસ્માઈલ ધોબી (ઉ.વ-૨૧), રાશીદ અબ્દુલઅઝીઝ શબ્બીર અંસારી (ઉ.વ-૪૫), ઇરશાદ મજીદ અલ્લામેહર મલીક (ઉ.વ.૩૩)નો સમાવેશ થાય છે. આરોપીઓએ પોતાના ગામના નામ ખેકડા પરથી ગેંગનું નામ પાડ્યું હતું.